# રામાયણમાં પુરુષાર્થ ચિંતન એક ભારતીય પરંપરા

ડૉ.કલ્પનાકુમારી વનમાળીભાઈ પરમાર
મદદનીસ પ્રાધ્યાપક,તુલનાત્મક સાહિત્ય વિભાગ,વિનદગુયુ ,સુરત

## સારાંશ :

રામાયણમાં પુરુષાર્થ ચિંતન ભારતીય તત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રની મૂલ્ય વ્યાખ્યા સાથે જોડાયેલું છે. રામાયણમાં ચારે પુરુષાર્થ – ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સુંદર સમન્વય દર્શાવાયું છે. શ્રીરામના જીવનચરિત્ર દ્વારા એ દર્શાવવામાં આવ્યું છે, કે એક મનુષ્ય પોતાના જીવનમાં આ પુરુષાર્થોનું સમતોલ રીતે પાલન કરીને આધ્યાત્મિક અને સામાજિક સુખ પ્રાપ્ત કરી શકે છે.

1. ધર્મ: શ્રીરામને ધર્મના પ્રતિક રૂપે રજૂ કરવામાં આવ્યા છે. પિતૃઆજ્ઞા પાલન, પ્રજા પ્રત્યેની જવાબદારી અને નૈતિક જીવનશૈલી દ્વારા શ્રીરામે ધર્મ પાલનનો શ્રેષ્ઠ આદર્શ રજૂ કર્યો છે.

2. અર્થ: રામરાજ્યમાં ન્યાયપૂર્ણ શાસન અને સમૃદ્ધિ દ્વારા અર્થનું મહત્ત્વ દર્શાવાયું છે. રામાયણમાં અર્થસંપત્તિની શુદ્ધતા અને ન્યાયપૂર્ણ ઉપાર્જનની આદર્શ વિચારધારા છે.

3. કામ: રામ-સીતા સંબંધ દ્વારા શ્રેણીબદ્ધ, પવિત્ર અને સંતુલિત ગૃહસ્થ જીવનનું દર્પણ દર્શાવાયું છે. કામ પર સંયમ અને ધર્મસંમત આચરણનું મહત્વ રામાયણ દ્વારા પ્રગટ થાય છે.

4. મોક્ષ: શ્રીરામ દ્વારા દર્શાવાયેલા ત્યાગ, કર્તવ્ય અને પરમાત્મા પ્રત્યેની ભક્તિ દ્વારા મોક્ષપ્રાપ્તિનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે. રાવણ વિજય દ્વારા અધર્મ અને મોહ પર વિજય પ્રાપ્ત કરવાનું મૂલ્ય દર્શાવવામાં આવ્યું છે.

આમ રામાયણ એ જીવનમુલ્ય, નૈતિકતા અને આધ્યાત્મિક ઉન્નતિ માટે પુરુષાર્થોની સમતોલતા અને યોગ્યતા દ્વારા જીવન જીવવાનો આદર્શ પથ પ્રસ્થાપિત કરે છે.

## ૧) પ્રસ્તાવના :-

ભારતીય જ્ઞાન પરંપરાનું ઉદગમ સ્થાન એટલે વેદથી માંડી રામાયણ,મહાભારત સુધી અને તેનાથી પણ સ્મૂતિ શાસ્ત્રો સુધી અસ્ખલિત વહ્યા કરતી એક જ્ઞાનગંગા છે,તેમાનું કેટલુંક આચમન કરવા યુક્ત શબ્દ શક્તિની અહી ચર્ચા કરીશ. ભારતીય જ્ઞાન પરંપરા એક વિચારધારા મુજબની સમાજ પરંપરા છે,જે સનાતની છે, હિન્દુ છે,તે સમાજમાં રહેનારો માનવ સમૂહ કેવી રીતે શ્રેષ્ઠ જીવન જીવી શકે તેના માટેની કેળવણી સ્વરૂપ લક્ષણો આપણાં શાસ્ત્રોમાં જોવા મળે છે ,ખાસ કરીને ૮૪ લાખ જન્મ બાદ મનુષ્યનો જન્મ મળ્યો છે, તો તે મનુષ્યના જન્મમાં તે જીવ શ્રેષ્ઠ યોનિ કેવી રીતે બને તેના પગથિયાં છે, તે ભગવાન પુરુષોત્તમ રામે પોતાના જીવનમાં લાવી સમગ્ર માનવજીવનમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે,પુરુષાર્થ એ ફક્ત ચર્ચાનો વિષય નથી, તેને જીવનમાં લાવવાનો કે જીવનમાં અપનાવવાનો એક મહાન યજ્ઞ છે,કદાચ આળસમાં આ પુરુષાર્થો માનવ જીવનમાં આવતા નથી કે તેના તરફ માનવચિત્ત બનતું નથી,તેના કારણો ઘણા છે, પરંતુ તે માનવજીવનમાં જ આવી શકે અથવા લાવી શકાય તેના માટે જ મનુષ્ય જીવન છે.પુરુષાર્થ વગર માનવ જીવન પાંગળું છે,તેના અહિતના કારણો ઘણા છે, જેમકે અસત્ય , અહિંસા, લોભ, મોહ, મત્સર, આધિ-

વ્યાધિ, ક્રોધ, ડર, બીભત્સતા, અબોલા, કુટેવો, વ્યભિચારિતા વગેરે સમાજના દરેક માનવજીવનમાં હાવિ થઇ જાય છે.તેના કારણે માનવજીવન કલુષિત થવાનો ભય રહે છે તેનાથી સમાજ અને રાષ્ટ્રને હાનિ ઊભી થવાની સંભાવના રહે છે,અલબત આ બધા કુ પરિણામોને લીધે ફક્ત માનવજીવન જ નહીં પરંતુ જગતની અન્ય જીવ સૃષ્ટિ જોખમમાં મુકાય છે તેનું ભાન આજના દરેક માનવને હોવું જોઇએ એટલે જ ભારતીય જ્ઞાન પરંપરા જાણવું અને તેને અપનાવવું જેનું પરિણામ એટલે ચાર પુરુષાર્થ થકી ચાર બદલાવ મારા વ્યક્તિગત, સમાજગત અને રાષ્ટ્રગત હોવા જોઈએ તો જ આ પેપર કે અધ્યયનની મહત્વતા રહેશે. તેની અખંડિતતા તેમાં સમાયેલી છે.

## ૨) ભારતીય જ્ઞાન પરંપરા :-

ભારતીય જ્ઞાન પરંપરા એટલે શું ? પ્રશ્ન થાય અને થવો જોઈએ પણ તેનો ઉત્તર વિશાળ અને વૈવિધ્યમાન છે,આ પરંપરા હજારો વરસથી વિકાસ પામી છે અને ચાલી આવી છે.જેના વાહક આપણે ભારતીય છીએ. તેને આપણે જ્ઞાન પરંપરા કહીશું એ આપણી સમજણપૂર્વક પણ તે જ્ઞાન એટલે વેદ, ઉપનિષદ, દર્શનો, આયુર્વેદ, કળા, ભાષા, ધર્મ, યોગ, ગણિત, વિજ્ઞાન, વ્યાકરણ, અર્થશાસ્ત્ર, સંગીત ,મહાકાવ્યો, નાટકો, ભાષા કૃતિઓનો સમાવેશ થાય છે,જેના ઉદગાતા અને જન્મદાતા ભારતમાં થયા છે જેનું મૂળ જ ભારત છે. તે એટલે ભારતીય જ્ઞાન પરંપરા આમ તો તેની વ્યાખ્યા આપવી ઘણી મુશ્કેલ છે, કારણકે જ્ઞાન વિશાળ હોવાથી તેની વ્યાખ્યા એ ઉત્તમ શિખરને ઝુકાવે એવી છે.કેમકે દરેક પરિબળોમાં કોઇને કોઇ જ્ઞાન માનવ જીવનને પ્રાપ્ત થતું હોય છે, જેનાથી તે ઉત્તમ જીવન જીવી શકે.મતલબ કે ભારતીય જ્ઞાનથી સત્યનું જ્ઞાન પ્રાપ્ત કરાવતો ઉપદેશ.આમ તો સંસ્કૃત ભાષામાં શિક્ષા માટે કોઈ શબ્દ નથી પણ ઠોકી બેસાડી દીધેલી ગાડીના વાહક હોવાથી આપણે શિક્ષણને પણ શિક્ષાની ઉપજ સમજ્યે છીએ. પરંતુ તેના માટેનો શબ્દ સંસ્કૃતમાં ઉદબોધન,ઉપદેશ એટલે શિક્ષા થાય છે, એવી ઓળખ જોવા મળે છે.આમ ભારતીય જ્ઞાન પરંપરા એ સત્યને શોધવાનો રસ્તો,રામને શોધવાનો સાતત્ય પૂર્વક આદરેલો એક નવો રસ્તો એમ કહું તો કશું ખોટું નથી !

ભારતીય જ્ઞાન પરંપરા ઉચ્ચકોટિની જ્ઞાનપરંપરા છે,આ જ્ઞાન પરંપરા વર્ષોથી ચાલી આવતી ઋષિઓની મહાપુરુષોની તપનું સ્વરૂપ એટલે ભારતીય જ્ઞાન પરંપરા. આમ વિવિધ વિષયોથી સજ્જ અને જ્ઞાનયુક્ત વ્યવસ્થા સમાજ અને રાષ્ટ્ર માટે ફળદાઈ અને પરંપરા યુક્ત વૈચારિક ખજાના વિષે વધુ જોઈએ.

**1. વેદ અને ઉપનિષદ:** ભારતીય જ્ઞાન પરંપરાનું મૂળ વેદોમાં છે, જે ચાર છે: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.ઉપરાંત ઉપનિષદો તત્વજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન પર કેન્દ્રિત છે.બ્રાહ્મણ અને આરણ્યક ગ્રંથો યજ્ઞ વિધિઓ અને તત્વચિંતન પર પ્રકાશ પાડે છે.

**2. સર્વ દર્શનશાસ્ત્ર:** ભારતમાં છ મુખ્ય દર્શનશાસ્ત્રો (ષડદર્શનો) છે જેમાં વૈશેષિક, ન્યાય દર્શન, સાંખ્ય દર્શન, યોગ દર્શન, પૂર્વ મીમાંસા,ઉત્તર મીમાંસા વગેરેનો સમાવેશ થાય છે,

**3. ગણિત અને વિજ્ઞાન:**આર્યભટ્ટએ પાઈની કિંમત અને દશાંશ પદ્ધતિ વિકસાવી.બૌધાયને પાઇથાગોરસ સુત્રની સમાનતા દર્શાવી.વરાહમિહિરે ખગોળશાસ્ત્ર અને હવામાનશાસ્ત્ર પર મહત્વપૂર્ણ ગ્રંથ લખ્યા.જ્યારે ચરક અને સુશ્રુત એ આયુર્વેદ અને સર્જરીના પિતા કહેવાય છે.

**4. ભાષા અને વ્યાકરણ:** પાણિનીએ સંસ્કૃત વ્યાકરણનો સૌથી મહત્વપૂર્ણ ગ્રંથ, "અષ્ટાધ્યાયી," લખ્યું. શ્રી મદ્દ ભગવદગીતા, રામાયણ અને મહાભારત ભારતીય સાહિત્યની ઉત્તમ કૃતિઓ છે.

**5. આયુર્વેદ અને યોગ:** ચરક સંહિતા અને સુશ્રુત સંહિતા આરોગ્ય અને આયુર્વેદના પાયાના ગ્રંથો છે.પતંજલિએ યોગસૂત્ર લખી, જેમાં યોગના આઠ અંગો (અષ્ટાંગ યોગ)નું વર્ણન છે.અષ્ટાંગ હ્રદય પણ ખૂબ મહત્વનો ગ્રંથ છે.

**6. રાજકીય અને અર્થશાસ્ત્ર:** કૌટિલ્ય (ચાણક્ય) એ "અર્થશાસ્ત્ર" લખ્યું, જેમાં શાસન અને અર્થતંત્રના સિદ્ધાંતો છે.મૌર્ય અને ગુપ્ત યુગમાં ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ થયો.

**7. કલા અને સંગીત:** ભરતમુનિ આધારિત નાટ્યશાસ્ત્ર રંગમંચ અને નાટ્યકલા પર વિશદ ગ્રંથ પ્રાપ્ત થાય છે,સિતાર, તબલા, અને વીણા જેવી વાધવિધાઓ ભારતીય સંગીતની ખાસિયતો છે.ઉપરાંત ચોસઠ કળાઓનો સમાવેશ થાય છે,

## 3) રામાયણમાં પુરુષાર્થ

રામાયણમાં ચતુર્વિધ પુરુષાર્થો ભગવાન રામ અને અન્ય પાત્રોની જીવનગાથા દ્વારા દર્શાવવામાં આવ્યા છે.જેનો ઉલ્લેખ આપણે રામાયણ કથાઓમાં પણ જોવા મળે છે.રામાયણ દ્વારા આપણને ચાર પુરુષાર્થ પ્રાપ્ત થાય છે.જેમાં ધર્મ,અર્થ,કામ અને મોક્ષ તરીકે ઓળખવામાં આવે છે,

**૧) ધર્મ: અર્થ, મહત્ત્વ અને વ્યાખ્યા:** જીવનમાં નૈતિકતા, કર્તવ્યપાલન અને સત્યનિષ્ઠા ધર્મનું મૂળ છે.જેવી રીતે શ્રીરામે પોતાના પિતાના વચનનું પાલન કરીને વનવાસ સ્વીકાર્યો. "पितुर्वचननिर्देशात् वनं यास्यामि सुखोचितः।"(અયોધ્યાકાંડ 22.29)(પિતાના આજ્ઞાને અનુસરવા માટે હું વનમાં જવાની તૈયારી કરું છું, ભલે હું સુખમય જીવનનો અધિકારી હોઉં.)"धर्मेण पालयन् पृथ्वीं धर्मेण रक्षिता स्वयम्।"(ઉત્તરકાંડ)(જે રાજા ધર્મથી પ્રજા અને રાજ્યનું પાલન કરે છે, ધર્મ તેને પોતે રક્ષણ આપે છે.)

ભારતીય સંસ્કૃતિમાં "ધર્મ" એ જીવનના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો માટે એક અત્યંત મહત્વપૂર્ણ તત્ત્વ છે. સંસ્કૃતમાં "ધૃ" ધાતુ પરથી ઉપજેલા "ધર્મ" નો અર્થ "ધરાવવું" અથવા "ધારણ કરવું" થાય છે, જેનાથી જીવનમાં શ્રેષ્ઠ અને યોગ્ય જીવવાનો સંકેત મળે છે. ધર્મની વ્યાખ્યા વિવિધ શાસ્ત્રોમાં અલગ અલગ રીતે આપવામાં આવી છે,જેમકે મહાભારતના શાંતિપર્વમાં

વર્ણન છે કે **"ધારણાદ્ધર્મમિતિ આહુઃ"** – જે મનુષ્યને ધારણ કરવાનું છે, તેને ધર્મ કહે છે.શ્રી મદ્ ભગવદ ગીતા અનુસાર ધર્મ એટલે **"સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ"** – પોતાનો ધર્મ પાળવો શ્રેષ્ઠ છે, બીજાનો અનુસરણ ભયજનક છે.મનુસ્મૃતિમાં "ધર્મ એ શાશ્વત સિદ્ધાંત છે, જે લોકોના હિત માટે છે."

**~ ધર્મના મુખ્ય પ્રકારો:** ભારતીય દાર્શનિક પરંપરામાં ધર્મને વિવિધ શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યો છે:

**(1) સનાતન ધર્મ:** પરમસત્ય અને નૈતિક જીવનશૈલીના નિયમો.વેદ, ઉપનિષદો અને શાસ્ત્રો અનુસાર સ્થાપિત તત્ત્વો.

**(2) વૈદિક અને શાસ્ત્રીય ધર્મ:** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ મુજબ યજ્ઞ, ઉપાસના, અને નૈતિક કર્તવ્યો.ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ, સંન્યાસ વગેરે જીવનની અવસ્થાઓ.

**(3) વ્યક્તિગત અને સામાજિક ધર્મ:** વ્યક્તિગત ધર્મ, શ્રદ્ધા ,તપસ્યા અને આધ્યાત્મિકતા સામાજિક ધર્મ, રાજધર્મ, અપરાધધર્મ, શિક્ષાધર્મ, કુટુંબધર્મ.

**(4) વર્ણાશ્રમ ધર્મ :** સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની જવાબદારીઓ.બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ આશ્રમ.

**~ ધર્મના મૂળભૂત સિદ્ધાંતો: (1) સત્ય** – સત્યવાદિતા સત્ય એ ધર્મનું મુખ્ય અંગ છે.યથાર્થ બોલવું અને સાચા માર્ગે ચાલવું. **(2) અહિંસા** – હિંસાને ટાળવી અન્ય જીવસંતતિ પ્રત્યે દયા અને કરુણા."અહિંસા પરમો ધર્મઃ" અહિંસા સર્વોત્તમ ધર્મ છે.**(3) દયા** – પરોપકાર,બીજાના હિત માટે કરેલા કર્મો.સેવા, દાન અને સહાનુભૂતિ. **(4) ક્ષમા** – ક્ષમાશીલતા,દુઃખદાયી પરિસ્થિતિઓમાં શાંતિ જાળવી રાખવી. શત્રુઓને પણ ક્ષમા કરવાનો અવલંબ. **(5) દાન** – પરોપકારી દાન,ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરવી. ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારના દાન.

**~ ધર્મ અને અન્ય પુરુષાર્થો સાથે સંબંધ**

(1) ધર્મ અને અર્થ: ધર્મ અનુસાર ધન (અર્થ) મેળવવો જોઈએ, અનૈતિક રીતે નહીં.

(2) ધર્મ અને કામ: ઇચ્છાઓ (કામ) પણ ધર્મમય હોવી જોઈએ.

(3) ધર્મ અને મોક્ષ: ધર્મ આધ્યાત્મિક ઉન્નતિ માટે મહત્વપૂર્ણ છે.

**~ આજના યુગમાં ધર્મનું મહત્વ:** આધુનિક જીવનમાં ધર્મ એ માત્ર ધાર્મિક વિધિઓમાં સીમિત નથી, પણ જીવન જીવવાની યોગ્ય પદ્ધતિ પણ છે. નૈતિકતા: વ્યવસાય, રાજકારણ, અને સમાજમાં નૈતિક ધોરણો.સામાજિક સમરસતા સૌને સમાન અધિકાર અને માનવતાના મૂલ્યો.આંતરરાષ્ટ્રીય શાંતિ: ધર્મના સિદ્ધાંતો વિશ્વશાંતિ માટે ઉપયોગી.

**૨) અર્થ : અર્થ, મહત્ત્વ અને વ્યાખ્યા**

અર્થ એ જીવનનિર્વાહ માટે આવશ્યક છે, પણ તે નૈતિક રીતે પ્રાપ્ત થવો જોઈએ. જેમકે રામરાજ્યમાં ધન અને સમૃદ્ધિ સાથે ન્યાય અને સમતોલન હતું. "न चार्थकामौ स्पृहयन्ति साधवो

ધર્મવર્જિતૌ।"(અયોધ્યાકાંડ 53.17) (સજ્જન પુરુષો ધર્મ વિહિન અર્થ અને કામની ઇચ્છા નથી રાખતા.)"सर्वे लक्षणसंपन्नाः सर्वे धर्मपरायणाः।"(યુદ્ધકાંડ) (રામરાજ્યમાં બધા જ ન્યાયી અને ધર્મપરાયણ હતા.) અર્થ પુરુષાર્થ સંસ્કૃત સાહિત્ય અને ભારતીય તત્વજ્ઞાનમાં ચાર પુરુષાર્થોમાંનો એક મહત્વપૂર્ણ પુરુષાર્થ છે. ચાર પુરુષાર્થ છે — ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ પૈકી અર્થ જીવનમાં ભૌતિક સુખ-સંપત્તિ અને આર્થિક સમૃધ્ધિ માટેના પ્રયાસો અને સિદ્ધિઓને દર્શાવે છે.

**~ અર્થનો અર્થ અને મહત્વ:** સંસ્કૃતમાં "અર્થ" શબ્દનો અર્થ થાય છે "ધન," "સંપત્તિ," "લાભ" અથવા "ઉપયોગિતા." માનવ જીવન માટે ધર્મનું પાલન કરતી વખતે, આર્થિક પ્રગતિ અને જીવનયાપન માટેની સામગ્રીનું મહત્વ છે. અર્થ પુરુષાર્થ એ જીવને જીવન ધરણા માટે આવશ્યક ભૌતિક સુખ-સુવિધાઓના પ્રાપ્તિ માટેના પ્રયત્નોને સૂચવે છે.

"અર્થો નાણ્યં ચ ધાન્યં ચ શસ્ત્રમશ્વગજાદયઃ।

વિજ્ઞાનમશ્વરત્નં ચ નિતિશાસ્ત્રમુદાહૃતમ્॥"- (ધન, અનાજ, શસ્ત્રો, ઘોડા, હાથી, રત્નો અને નીતિશાસ્ત્ર આ બધા અર્થના ભાગરૂપ છે.)

**~ અર્થ પુરુષાર્થના તત્વો:** અર્થ પુરુષાર્થના મુખ્ય તત્વો નીચે મુજબ છે:

1. ધનસંપત્તિ – જીવનમાં ધનનો યોગ્ય વ્યવસ્થિત સંગ્રહ
2. વ્યવસાય અને વેપાર – વ્યવસાય દ્વારા સમૃદ્ધિ અને સફળતા
3. રાજ્ય અને શાસન – સત્તા અને શાસન દ્વારા સુખાકારી
4. જ્ઞાન અને કુશળતા – વિજ્ઞાન અને શિક્ષણ દ્વારા વિકાસ

"અર્થમૂલૌ હિ ધર્મકામૌ।"-( ધર્મ અને કામનો આધાર અર્થ પર છે.)

**~ અર્થ પુરુષાર્થનો પ્રયોગ અને મર્યાદા**

અર્થનું સંચય અને ઉપયોગ ધર્મના માર્ગે થવો જોઇએ. અધર્મના માર્ગે સંપત્તિ અને ધનની પ્રાપ્તિ અનિષ્ટકારક માનવામાં આવી છે. મર્યાદિત અને ન્યાયયુક્ત રીતે ધનની કમાણી અને ઉપયોગ મહત્વપૂર્ણ છે.

"ધર્મેણ અર્થસ્ય સઞ્ચયઃ।"- ( ધર્મના માર્ગે જ અર્થનો સંચય કરવો.)

~ **અર્થ પુરુષાર્થ અને અન્ય પુરુષાર્થો વચ્ચેનું સમતુલ્ય સંબંધ**

1. ધર્મ – ધર્મના અનુસરણથી જ અર્થની પ્રાપ્તિ યોગ્ય છે.
2. કામ – અર્થ દ્વારા મનુષ્યનાં ભૌતિક સુખ અને ઇચ્છાઓની પૂર્ણતા થાય છે.
3. મોક્ષ – અર્થ અને કામ ધર્મના આધારે પ્રાપ્ત થાય તો જીવનમુક્તિ તરફ પ્રવૃત્તિ થાય છે.

"અર્થમનર્થમિતિ વાસુદેવઃ।"-( અનૈતિક ધન એક દિવસ વિનાશનું કારણ બને છે.

અર્થ પુરુષાર્થ એ માનવ જીવનમાં ભૌતિક અને આર્થિક સુખ માટેના પ્રયત્નો અને સિદ્ધિઓનો આધાર છે. પરંતુ તેને ધર્મના પથ પર ચાલીને, નૈતિકતા અને ન્યાયથી પ્રાપ્ત કરવો જોઈએ. "અર્થમૂલો હિ ધર્મકામૌ" — અર્થ દ્વારા ધર્મ અને કામની સિદ્ધિ થાય છે અને એ જ મોક્ષ તરફનું માર્ગદર્શન આપે છે.

**3) કામ :અર્થ, મહત્ત્વ અને વ્યાખ્યા**

કામ માનવજીવનનો સ્વાભાવિક ભાગ છે, પરંતુ તેને સંયમપૂર્વક રાખવો જોઈએ. જેમકે શ્રીરામ અને સીતાના સંબંધમાં પવિત્રતાનું મહત્વ બતાવવામાં આવ્યું છે. જ્યારે રાવણે પોતાના કામવાસનાના કારણે પોતાનો નાશ આણ્યો."न कामान्नार्थधर्माभ्यां वसुदेहं जितं मया।"(અયોધ્યાકાંડ 98.8)(ન તો કામવાસનાથી, ન તો ધન અથવા ધર્મ માટે મેં રાજ્ય પર કબ્જો મેળવ્યો છે.)"लोभात्क्रोधात् भवत्येष कामः संजायते।"(યુદ્ધકાંડ) (લોભ અને ક્રોધથી કામવાસનાનું સર્જન થાય છે.) કામ એ ચાર પુરુષાર્થમાંનો ત્રીજો છે, જે જીવનમાં ઇચ્છા, આસક્તિ, સુખ, અને સંવેદના સાથે જોડાયેલ છે. કામ એટલે માત્ર શારીરિક સુખ જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક તૃપ્તિ પણ. રામાયણમાં કામ પુરુષાર્થને વિવિધ દ્રષ્ટિએ રજૂ કરાયો છે, જેમાં શ્રેષ્ઠ કામ (ઉચ્ચ ઇચ્છા), શારીરિક અને ભાવનાત્મક પ્રેમ અને સમાજમાં સંબંધોની પવિત્રતાનું દિગ્દર્શન કરવામાં આવ્યું છે.

**~ કામ પુરુષાર્થનો અર્થ અને મહત્વ:** "કામ" નો અર્થ થાય છે ઈચ્છા અથવા તૃષ્ણા, જે મનુષ્યને જીવનના વિવિધ પાસાઓમાં આગળ વધવા માટે પ્રેરિત કરે છે.માનવજીવનમાં કામનો યોગ્ય માર્ગે પાલન કરવું આવશ્યક છે, નહીં તો એ મનુષ્યને અધર્મના માર્ગે દોરી શકે છે.કામ શારીરિક તૃપ્તિથી લઈને ભાવનાત્મક અને આધ્યાત્મિક તૃપ્તિ સુધીનો વિસ્તાર ધરાવે છે.રામાયણમાં કામ પુરુષાર્થને ધર્મના માર્ગે અને નૈતિક મર્યાદાઓમાં રાખીને પ્રાપ્ત કરવાની ભલામણ કરવામાં આવી છે.

**રામાયણમાં કામ પુરુષાર્થના ઉદાહરણો**

શ્રીરામ અને માતા સીતાનું દામ્પત્ય જીવન આદર્શ પ્રેમ અને મર્યાદાનું ઉત્તમ ઉદાહરણ છે.રામ અને સીતાના પરસ્પર પ્રેમમાં એકમેક પ્રત્યેની ભક્તિ અને વિશ્વાસ જોવા મળે છે.રામે સીતાના વિયોગમાં પોતાના કામ (પ્રેમ)ને ધર્મના મર્યાદા સાથે જાળવી રાખ્યો હતો.

"પતિમ યા સમાનશીલમ સમસ્નેહમ્ સમાનૃજુમ્।
સાદુ ભર્તારિમ્ અનુવ્રજ્ય સ્ત્રી સુખમ્ પ્રાપ્નુયાત્ સદા॥"(અયોધ્યાકાંડ)

આ શ્લોક દર્શાવે છે કે પત્ની અને પતિ વચ્ચે સમાન પ્રેમ અને સમાન સ્નેહ હોય તો એ દામ્પત્ય જીવન સુખદ બને છે.

રામનો શબરી પ્રત્યે ભાવનાત્મક પ્રેમ તેની ભક્તિ પ્રત્યે રામે સન્માન દર્શાવ્યું અને તેનો આશીર્વાદ સ્વીકાર્યો.શબરીએ પ્રેમપૂર્વક રામને બોર ખવડાવ્યા, જેની પાછળ તેની નિષ્ઠા અને પ્રેમ છુપાયો હતો.

"પ્રેમમયી શબરી દત્તા રામાય ભક્તિસમન્વિતા।
તથાપિ રામો હરિઃ સ્વીકૃત્ય ભક્તિમન્યથા॥"(અરણ્યકાંડ)

આ પ્રસંગ દર્શાવે છે કે પ્રેમ અને ભક્તિ એ કામ પુરુષાર્થના ઉન્નત સ્વરૂપ છે.

રામ અને સીતાનો વિયોગ અને પ્રેમનો અધ્યાત્મિક સ્વરૂપ રાવણે સીતાના અપહરણ પછી રામનો સીતા પ્રત્યેનો પ્રેમ વ્યક્તિગત સ્વાર્થથી પર હતો.રામે સીતાને શોધવા માટે અનેક પ્રયત્નો કર્યા, જે દર્શાવે છે કે પ્રેમ માત્ર શારીરિક નહીં પરંતુ આધ્યાત્મિક પણ છે.

"સીતાયાહ પરિત્રાણાય પ્રાણાંત્યજ્ય ન સંશયઃ।
પતિઃ સ્ત્રિયાનાં ધર્મશ્ચ નૈવ કામસ્ય કારણમ્॥"(અરણ્યકાંડ) રામએ ધર્મ અને નૈતિકતાના આધારે સીતાના પ્રેમ અને વિશ્વાસ માટે પોતાનો સર્વસ્વ ત્યાગ કરવા પણ તૈયાર હતા.

રાવણનો અશુદ્ધ કામ અને તેનું પતન રાવણનું સીતાને હરણ કરવું એ કામ પુરુષાર્થનો અધર્મમય માર્ગ હતો.રાવણે પોતાના અસંયમિત કામને કારણે પોતાના રાજ્ય અને જીવનને પતન તરફ દોરી ગયું.રાવણ માટે કામ લાલચ અને અહંકારમાં ફેરવાયું, જે તેના પતનની મુખ્ય કારણ બન્યું.

"અન્યસ્ય દારાસ્ય ચિંતનમ્ પાપમ્।
તેન ચ તદ્ ધર્મ વિમુખમ્ ભવતિ॥"(સુન્દ્રકાંડ)

આ શ્લોકમાં સ્પષ્ટ કરાયું છે કે અન્યની પત્ની પ્રત્યે કામભાવ રાખવો પાપ છે, અને તે અધર્મ તરફ દોરી જાય છે.

હનુમાનનો રામપ્રત્યે ભક્તિરૂપ કામ. હનુમાનની રામ પ્રત્યેનો પ્રેમ એક આધ્યાત્મિક અને નિષ્ઠાભર્યો સ્વરૂપ છે,હનુમાન માટે રામનું દર્શન અને સેવા એજ તૃપ્તિ અને સુખનો શ્રેષ્ઠ સાધન હતો.

"ભક્તિઃ શ્રદ્ધા સમા યત્ર તત્ર કામઃ ન વિલપ્યતે।
રામસેવા પરો ધર્મઃ સર્વસિદ્ધિ પ્રદાયકઃ॥" (સુન્દરકાંડ)

હનુમાનનો પ્રેમ અને સેવા એ ભક્તિ રૂપે કામ પુરુષાર્થનું ઉન્નત સ્વરૂપ દર્શાવે છે.

**~ કામ પુરુષાર્થના મૂલ્ય અને સિદ્ધાંત:**રામાયણમાં કામ પુરુષાર્થને માટે નીચેના સિદ્ધાંતો અપાય છે:જેમાં પ્રથમ પ્રેમ અને લાગણીઓમાં મર્યાદાનું પાલન,બીજો પવિત્ર દામ્પત્ય ત્રીજો જીવનનો આધાર પ્રેમ અને વિશ્વાસ,ચોથો ભક્તિ અને પ્રેમ આધ્યાત્મિક તૃપ્તિનો શ્રેષ્ઠ માર્ગ

અસંયમિત અને અધર્મમય કામ પતનની દિશામાં દોરી જાય છે, છેલ્લો પ્રેમ અને ઇચ્છાનું સંચાલન ધર્મના માર્ગે કરવું

રામાયણમાં કામ પુરુષાર્થને ધર્મના આધારે પ્રાપ્તિ કરવાનો સંદેશ આપવામાં આવ્યો છે. શ્રીરામ અને સીતાના દામ્પત્ય જીવન દ્વારા પવિત્ર પ્રેમ અને મર્યાદાનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. હનુમાનની ભક્તિ અને રાવણના અશુદ્ધ કામમાં મોટો ભેદ સ્પષ્ટ થાય છે. કામની પ્રાપ્તિ માટે ભક્તિ, વિશ્વાસ અને નૈતિકતાનું પાલન અનિવાર્ય

## ૪ ) મોક્ષ :અર્થ, મહત્ત્વ અને વ્યાખ્યા

જીવનનું પરમ ધ્યેય મુક્તિ છે, જે ભક્તિ, જ્ઞાન અને કર્મથી પ્રાપ્ત થાય છે. જેવી રીતે હનુમાન, શબરી અને વિભીષણએ ભગવાન રામની ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કર્યો.

"सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।"(શ્રી મદ્દ ભગવદ્ગીતા)

(બધા ધર્મોનો ત્યાગ કરીને માત્ર મારા શરણમાં આવો, હું તને મોક્ષ પ્રદાન કરીશ.)

"रामं दाशरथिं ज्ञात्वा परं मुक्तिं गतो हनुमान्।" (શ્રીરામને ઓળખી, હનુમાન પરમ મોક્ષને પ્રાપ્ત થયા.)

મોક્ષ એ ચાર પુરુષાર્થમાંનો ચોથો અને અંતિમ પુરુષાર્થ છે. મોહથી મુક્તિ અથવા જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ. રામાયણમાં મોક્ષ પુરુષાર્થને અત્યંત ઊંચા સ્તરે દર્શાવવામાં આવ્યો છે, જેમાં મન, વાણી અને કર્મ દ્વારા પરમાત્માની ઉપાસના અને ધર્મપાલન દ્વારા અંતિમ મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. શ્રીરામનું જીવન અને તેમના ઉપદેશો મોક્ષ પુરુષાર્થના આધ્યાત્મિક માર્ગ માટે દિશાદર્શક રૂપે કાર્ય કરે છે.

**~મોક્ષ પુરુષાર્થનો અર્થ અને મહત્વ:** મોક્ષ એટલે આત્માનું પરમાત્મામાં લીન થવું. મનુષ્ય ધર્મ, અર્થ અને કામના પાલન પછી અંતે મોક્ષ પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહે છે.રામાયણમાં મોક્ષને અંતિમ ધ્યેય તરીકે દર્શાવાયું છે, જેની પ્રાપ્તિ માટે નૈતિક જીવન, ભક્તિ અને કર્મયોગનો આધાર લેવાયો છે.શ્રીરામે પોતાનું સમગ્ર જીવન ધર્મમય બનાવીને ભક્તિ અને કરુણાની ભાવના દ્વારા મોક્ષનો માર્ગ બતાવ્યો છે.

**રામાયણમાં મોક્ષ પુરુષાર્થના ઉદાહરણો**

રામનું ધર્મ અને નિષ્કામ કર્મ દ્વારા મોક્ષનો માર્ગ દર્શાવવો શ્રીરામે પોતાના જીવનમાં સતત ધર્મ પાલન કર્યું અને નિષ્કામ કર્મ દ્વારા મોક્ષનો ઉપદેશ આપ્યો.રામે પોતાના કર્મના ફળ માટે ક્યારેય આશા રાખી નહી અને સર્વ સજીવમાં પરમાત્માના દર્શન કર્યાં.

"કર્મણ્યેવાધિકારસ્તે માફલેષુ કદાચન।

માકર્મફલહેતુર ભૂર્માટે સંગોસ્ત્વકર્મણિ॥"(અયોધ્યાકાંડ)

આ શ્લોક દર્શાવે છે કે કર્મ કરવું એ મનુષ્યનું ધર્મ છે, પણ તેના ફળની અપેક્ષા રાખવી અધર્મ છે.

ભક્તિ દ્વારા મોક્ષનો માર્ગ – શબરી પ્રત્યે રામનો ઉપદેશ. શબરી એક નિષ્ઠાવાન ભક્તિ અને સાધના દ્વારા રામની સેવા કરી રહી હતી. રામે શબરીને ભક્તિ અને શ્રદ્ધા દ્વારા મોક્ષ મેળવવાનો ઉપદેશ આપ્યો.

"શ્રદ્ધાવાન લભતે જ્ઞાનં તતઃ શાંતિમ્ નિગચ્છતિ।

ભક્તિમાન્યહમ્ સ્નેહવાંચ્છતઃ પરમામ્ ગતિમ્॥" (અરણ્યકાંડ)

રામે શબરીને સમજાવ્યું કે ભક્તિ અને શ્રદ્ધા એ જ મોક્ષ પ્રાપ્તિનો શ્રેષ્ઠ માર્ગ છે.

હનુમાનના ભક્તિ દ્વારા મોક્ષનો માર્ગ હનુમાનની રામપ્રતિ ભક્તિ સંપૂર્ણ સમર્પણ અને નિષ્ઠા પર આધારિત હતી.હનુમાન માટે રામની સેવા એજ મોક્ષ પ્રાપ્તિનો શ્રેષ્ઠ માર્ગ હતો.

"દાસોડહમ્ કોશલેદ્રસ્ય રામસ્યાક્લિષ્ટકર્મણઃ।

જનમેજયમહં મન્યે રામસ્ય પરમાત્મનઃ॥"(સુંદરકાંડ)

હનુમાન માટે ભક્તિથી જ મોક્ષની પ્રાપ્તિ શક્ય છે.

વિભીષણનો ધર્મ અને ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્તિનો માર્ગ.વિભીષણે રાવણનો ત્યાગ કરીને રામની શરણમાં જઇ ભક્તિ સ્વીકારી.વિભીષણે પોતાના અધર્મી ભ્રાતાની સાથે ન રહેવાનું નક્કી કર્યું અને રામના આશ્રયમાં રહેવા માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું.

"શરણાગતદીનાર્થ પરિત્રાણ પરાયણ।

સરવસ્ય નાથ ભવત્વં મમ દેવ ન્યાયવત્॥"(યુદ્ધકાંડ)

વિભીષણના ભક્તિ અને સમર્પણ દ્વારા તેણે મોક્ષની પ્રાપ્તિ કરી.

રાવણનો પતન અને અધર્મથી મુક્તિ દ્વારા મોક્ષનો સંકેત રાવણે મોહ અને અહંકારના કારણે અધર્મનો માર્ગ અપનાવ્યો.જ્યારે રાવણે મૃત્યુ સમયે શ્રીરામનું સ્મરણ કર્યું, ત્યારે તેને અંતે મોક્ષ પ્રાપ્ત થયો.

"મૃત્સ્નાં લભતે ગતિં યો મમ સ્મરણે સ્થિતઃ।

સમસ્તદોષવિમુક્તો ભક્તિમાન્યમનાગતઃ॥"(યુદ્ધકાંડ)

મૃત્યુ સમયે રાવણને રામના સ્મરણથી અંતે મોક્ષ મળ્યો.

રામનું વનગમન અને ત્યાગ દ્વારા મોક્ષનો સંકેત. રામે રાજપાટ અને ભૌતિક સુખનો ત્યાગ કર્યો અને વનગમન સ્વીકાર્યું.રામે એ દર્શાવ્યું છે, કે અધ્યાત્મિક ઉન્નતિ માટે ત્યાગ અને ભક્તિનો માર્ગ મહત્વનો છે.

"ત્યાગેનૈકે અમૃતત્વમ્ આનશુઃ।

ભક્તિહીનઃ ન હિ ગચ્છતિ મમ પદમ્॥"    (અયોધ્યાકાંડ)

ત્યાગ અને ભક્તિ એજ મોક્ષનો પથ છે.

**~ મોક્ષ પુરુષાર્થના મૂલ્ય અને સિદ્ધાંતો:** રામાયણમાં મોક્ષ પુરુષાર્થના કેટલાક મુખ્ય સિદ્ધાંતો:પ્રથમ ભક્તિ અને સમર્પણ દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે,બીજો ત્યાગ અને નિષ્કામ કર્મ મોક્ષ તરફ દોરી જાય છે.ત્રીજો મોહ અને અહંકારનો ત્યાગ જરૂરી છે. ચોથો શ્રદ્ધા અને નૈતિક જીવનથી આત્મા પરમાત્મામાં લીન થાય છે.અને પાંચમો ધર્મના પાલન અને અનાસક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે.

**~ મોક્ષ પુરુષાર્થના માર્ગો (રામાયણના આધારે)**

પ્રથમ જ્ઞાન યોગ: આત્મા અને પરમાત્માના તત્ત્વને જાણવું.બીજો ભક્તિ યોગ: પરમાત્મા પ્રત્યે નિષ્ઠા અને સમર્પણ.ત્રીજો કર્મ યોગ: નિષ્કામ કર્મ દ્વારા પરમાર્થ પ્રાપ્ત કરવો,અને ચોથો રાજ યોગ: મન અને ઇન્દ્રિયોના સંયમ દ્વારા પરમાત્મામાં લીન થવું.

રામાયણમાં મોક્ષ પુરુષાર્થને જીવનના અંતિમ ધ્યેય તરીકે દર્શાવાયો છે. રામ, હનુમાન, વિભીષણ અને શબરી જેવા પાત્રો દ્વારા ભક્તિ, ત્યાગ અને નિષ્ઠા દ્વારા મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવવામાં આવ્યો છે. રાવણનો પતન એ દર્શાવે છે કે કામ અને મોહથી મુક્તિ મેળવ્યા વિના મોક્ષ શક્ય નથી. રામનું જીવન મોક્ષના શ્રેષ્ઠ માર્ગ તરીકે ઉપસ્થિત થાય છે.

## ઉપસંહાર

રામાયણ એ માત્ર એક મહાકાવ્ય નથી, તે માનવજીવન માટેનો માર્ગદર્શક ગ્રંથ છે. તેમાં ચાર પુરુષાર્થનું શ્રેષ્ઠ સંકલન જોવા મળે છે, જે જીવનના દરેક પાસાં માટે માર્ગદર્શન આપે છે."रामो विग्रहवान् धर्मः"(અયોધ્યાકાંડ) "શ્રીરામ પોતે જ ધર્મનો સાક્ષાત સ્વરૂપ છે."

## સંદર્ભ ગ્રંથો :


1) આઠવલે પરમ પૂજય પાંડુરંગ શાસ્ત્રી ,ગીતા મૃતમ ,સદવિચાર દર્શન ,મુંબઈ
2) શ્રી મદ્ ભગવદ્ગીતા,ગીતા પ્રેસ,ગોરખપુર
3) વિસ્નોઇ ,ડો અર્ચના રામાયણમાં નારી,પરિમલ પબ્લિકેશન,દિલ્હી
4) મહર્ષિ વાલ્મીકિ પ્રણિત શ્રી મદ્ વાલ્મીકિ રામાયણ (પ્રથમ અને બીજો ખંડ)ગીતપ્રેસ ,ગોરખપુર